## PANCHAYATS, RURAL HOUSING AND RURAL DEVELOPMENT DEPARTMENT

### Notification

Sachivalaya, Gandhinagar, 3rd June, 1999.

GUJARAT PANCHAYATS ACT, 1993.

No. KP/46/99/PRR/1194/588/9-169/D.—In exercise of the powers conferred by section 227 read with section 274 of the Gujarat Panchayats Act, 1993 (Guj. 18 of 1993) and in supersession of all the rules made in this behalf, the Government of Gujarat hereby makes the following rules to provide for regulating recruitment to the post of Divisional Accountant (Class III) (Panchayat Service), namely :—

1. These rules may be called the Divisional Accountant (Class III) (Panchayat Service) Recruitment Rules, 1999.

2. Appointment to the post of Divisional Accountant (Class III) (Panchayat Service) shall be made either,—

(a) by promotion of a person of proved merit and efficiency from amongst the persons who have worked for not less than five years as Deputy Accountant or Taluka Panchayat Accountant (Class III) (Panchayat Service), or

(b) by direct selection.

3. The appointment by direct selection and promotion shall be made in the ratio of 1:3.

4. To be eligible for appointment by direct selection to the post mentioned in rule 2, a candidate shall—

Scanned by CamScanner

(a) not be less than 21 years and not more than 28 years of age,

(b) possess a second class bachelor's degree in Commerce with Accountancy and Auditing as special subjects from a university established by law in India or deemed to be a university, as per the provisions of section 3 of the University Grants Commission Act, 1956 (Act 3 of 1956),

(c) have adequate knowledge of Gujarati and Hindi.

5. A candidate appointed by direct selection shall be on probation for a period of one year.

6. A candidate appointed by direct selection shall be required to undergo such training for such period and pass such post-training examination as may be prescribed by the Government.

7. A selected candidate shall be required to pass the departmental examination and an examination in Gujarati or Hindi or both as may be prescribed by the Government.

8. A candidate appointed by direct selection shall be required to furnish a security and surety bond in such form for such amount and for such period as may be prescribed by the Government.

By order and in the name of the Governor of Gujarat,

R. N. NINAMA,
Under Secretary to Government.

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,

જાહેરનામું

સચિવાલય, ગાંધીનગર, ૩જી જૂન, ૧૯૯૯.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક કેપી/૪૬/૯૯/પીઆરઆર/૧૧૯૪/૫૮૮/૯-૧૬૯/ડ.—ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૨૭૪ સાથે વાંચતા કલમ ૨૨૭થી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાત સરકાર, આથી, વિભાગીય હિસાબનીશ (વર્ગ-૩) (પંચાયત સેવા)ની જગા પરની ભરતીનું નિયમન કરવા માટે જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે :—

૧. આ નિયમો વિભાગીય હિસાબનીશ (વર્ગ-૩) (પંચાયત સેવા) ભરતી નિયમો, ૧૯૯૯ કહેવાશે.

૨. વિભાગીય હિસાબનીશ (વર્ગ-૩)(પંચાયત સેવા)ની જગા પરની નિમણૂક.—

(ક) નાયબ હિસાબનીશ અથવા તાલુકા પંચાયત હિસાબનીશ (વર્ગ-૩) (પંચાયત સેવા) તરીકે પાંચ વર્ષ કરતાં ઓછું ના હોય તેટલું કામ કર્યું હોય તેવી વ્યકિતઓમાંથી સિધ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યકિતને બઢતી આપીને; અથવા

(ખ) સીધી પસંદગીથી,

કરવી જોઈશે.

૩. સીધી પસંદગી અને બઢતીથી કરેલી નિમણૂકનું પ્રમાણ ૧ : ૩ નું રહેશે.

૪. નિયમ-૨માં જણાવેલી જગા પર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર.—

(ક) ૨૧ વર્ષથી ઓછી અને ૨૮ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઈએ નહિ.

(ખ) ભારતમાં કાયદાથી સ્થપાયેલ અથવા યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન અધિનિયમ, ૧૯૫૬ (સન ૧૯૫૬ના અધિનિયમ ૩)ની કલમ ૩ની જોગવાઈઓ મુજબ યુનિવર્સિટી ગણાતી હોય તેવી યુનિવર્સિટીમાંથી મુખ્ય વિષયો તરીકે એકાઉન્ટન્સી અથવા ઓડિટીંગ સાથે વાણિજ્યના સ્નાતકની બીજા વર્ગની પદવી ધરાવતો હોવો જોઈએ,

(ગ) ગુજરાતી અને હિન્દીનું પુરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈએ.

Scanned by CamScanner

૫. સીધી પસંદગીથી નીમાયેલ ઉમેદવારે એક વર્ષની મુદત સુધી પ્રોબેશન ઉપર રહેવું પડશે.

૬. સીધી પસંદગીથી નીમાયેલ ઉમેદવારે સરકાર ઠરાવે, તેટલી મુદત માટે તેવી તાલીમ લેવી પડશે અને તેવી તાલીમ પછીની પરીક્ષા પાસ કરવી પડશે.

૭. પસંદ થયેલ ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી ખાતાકીય પરીક્ષા અને ગુજરાતી અથવા હિન્દી અથવા તે બંને પરીક્ષા પાસ કરવી પડશે.

૮. સીધી પસંદગીથી નીમાયેલ ઉમેદવારે સરકાર ઠરાવે તેટલી રકમનું, તેવા નમૂનામાં અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીન-ખત પૂરું પાડવું જોઈશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

આર. એન. નિનામા,
સરકારના ઉપસચિવ.

Scanned by CamScanner